
લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના

# દર્પણ

- District 3232-B3
- Club No. 142202
- Zone-1
- LY 2026-27

SEPTEMBER 2026






## અંતરના ઓવારેથી....

વ્હાલી ફેમિના સખીઓ,

સ્નેહાદર નમસ્તે,

પ્રથમ માસની અદ્દભૂત સફળતા અને ઉત્સાહને જાળવી રાખીને, આપણો બીજો માસ પણ સેવાની સુવાસ અને આનંદથી મહેકી ઊઠ્યો છે. ફ્રેન્ડશીપ ડે ની ઉજવણીથી શરૂ કરી સાપુતારાની યાદગાર પિકનિક સુધીની આ સફર વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓથી ધબકતી રહી છે.

આ સાથે, મારા જન્મદિવસ નિમિત્તે આપ સૌ સખીઓએ ભેગા મળીને જે અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવણી કરી અને મને વહાલ અને શુભેચ્છાઓ પાઠવી, તે માટે હું આપ સૌનો હૃદયના ઊંડાણથી આભાર વ્યક્ત કરું છું. આપ સૌના આ સ્નેહ અને સહકાર બદલ દિલથી ખૂબ ખૂબ આભાર !

આ માસ દરમિયાન આપણે જરૂરિયાતમંદો માટે રાશનકીટ અને અતિવૃષ્ટિમાં અસરગ્રસ્ત શ્રમિકોને ખીચડી વિતરણ, રક્તદાન શિબિર (બ્લડ ડોનેશન) તેમજ મેડિકલ ચેકઅપ કેમ્પ જેવા અનેક જનકલ્યાણના કાર્યો પૂર્ણ કર્યા છે. સેવાની સાથે ઉત્સવની ઉજવણીમાં પણ આપણી ક્લબ અગ્રેસર રહી છે. આપણે ફ્રેન્ડશિપ ડે, સ્વતંત્રતા દિવસ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના રમતવીરો સાથે તેમજ સાબરમતી સેન્ટ્રલ જેલના કેદી ભાઈઓ સાથે રક્ષાબંધનની ભાવસભર ઉજવણી કરીને સમાજમાં પ્રેમ અને ભાઈચારાનો સંદેશ પાઠવ્યો છે.

સેવાકાર્યોની સાથોસાથ વહીવટી ક્ષેત્રે પણ આપણી ટીમ ખૂબ જ સક્રિય રહી છે. Orientation & CQI, Gate Conclave, ઝોન એડવાઈઝરી અને પીપી ફોરમ જેવી મહત્ત્વની વહીવટી બેઠકો આપણે સફળતાપૂર્વક પૂર્ણ કરી છે.

આવનારો માસ ઉત્સવો, પર્વો અને દાન-પુણ્યનો મહિમા લઈને આવી રહ્યો છે. આ માસમાં આપણે વિવિધ અનોખા સેવાયજ્ઞો તો હાથ ધરીશું જ, પરંતુ સાથે સાથે ગાંધીનગર શહેરમાં અત્યંત લોકપ્રિય અને પ્રશંસા પામેલી ૪૦ વર્ષથી ઉપરની બહેનો માટેની ગરબા કોમ્પિટિશન "રાસ રંગ"નું ભવ્ય આયોજન કરવા જઈ રહ્યાં છીએ.

છેલ્લા ઘણા દિવસથી આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સતત મંથન અને આયોજન ચાલી રહ્યું છે. જેમાં આપ સર્વે સખીઓનો તન, મન અને ધનથી પૂર્ણ સહકાર અપેક્ષિત છે. મા અંબાની અસીમ કૃપાથી આ કાર્યક્રમ આપણા સૌમાં એક નવી શક્તિ અને ઊર્જાનો સંચાર કરશે, જે આગામી આરાધનાના મહાપર્વ નવરાત્રી માટે ખૂબ જ જરૂરી છે.

આવો, સૌ સાથે મળીને સેવાનો આ દીપક વધુ પ્રજ્વલિત કરીએ અને સફળતાના નવા શિખરો સર કરીએ.

સહકાર અને સેવાની ભાવના સાથે...

**લા. જાગૃતિ વ્યાસ**
**પ્રમુખ**

| | | |
|---|---|---|
| President | Lion Jagruti Vyas | Mo. 98795 07482 |
| Secretary | Lion Sanju Gupta | Mo. 99252 33418 |

## મંત્રીશ્રીની મહેક



લા. સંજુ ગુપ્તા

**૨૭ જુલાઈ થી ૧ ઓગ. :** પ્રથમ ઉપપ્રમુખ લા.  ભૂમિ જોગાણીએ તેમના જન્મદિવસ નિમિત્તે ક્લબને આર્ટિફિનો કોમ્પલેક્ષ, થલતેજ ખાતે લગભગ ૧૦૦૦ છોડનું વૃક્ષારોપણ પ્રોજેક્ટની ભેટ  આપી. તેમની પ્રેરણાદાયી પર્યાવરણ પહેલ માટે આભાર.

**૧ ઓગ. :** ક્લબના સભ્યોને સેક્ટર-૨૧ ના લેક પાસે ફ્રેન્ડશિપ ડેની ઉજવણી પકોડા પાર્ટી સાથે કરી, જેમાં સભ્યોએ ખૂબ આનંદ સાથે મિત્રતા અને એકતાના ભાવને મજબૂત કર્યો.

**૨ ઓગ. :** પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ અને રેડિયન્ટ સ્કૂલના સહયોગથી નિ:શુલ્ક બહુવિધ આરોગ્ય કેમ્પ યોજ્યો. જેમાં ડેન્ટલ, બીપી, ઈસીજી, એક્યુપ્રેશર, એક્સ-રે, ઓર્થોપેડિક અને ફિઝિયોથેરાપી સેવાઓ આપવામાં આવી અને કુલ ૩૫૦ લોકોને લાભ મળ્યો.

**૨ ઓગ. :** પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ અને રેડિયન્ટ સ્કૂલના સહયોગથી ડાયાબિટીસ કેમ્પ યોજ્યો. જેમાં કુલ ૨૮૦ લોકોએ આરોગ્ય ચેક-અપ કરાવ્યું.

**૨ ઓગ. :** પ્રયાસ ચેરિટેબલ ટ્રસ્ટ અને રેડિયન્ટ  સ્કૂલના સહયોગથી બ્લડ ડોનેશન કેમ્પ યોજ્યો. જેમાં ૩૦ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું.

**૨ ઓગ. :** પ્રયાસ ચિરેટેબલ ટ્રસ્ટ અને રેડિયન્ટ સ્કૂલના સહયોગથી વિઝન કેમ્પ યોજાયો. જેમાં કેમ્પ દરમિયાન ૧૫૦ લોકોને આંખોનું ચેકઅપ બાદ મફત ચશ્મા આપવામાં આવ્યાં.

**૫ ઓગ. :** લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા અર્બેનિયા બેન્કવેટ હોલ, કુડાસણમાં ઓરિએન્ટેશન અને સી.ક્યુ.આઈ. સેમિનાર યોજાયો. DC Orientation and CQI લાયન સોનલ શાહે સભ્યોને લાયન સંસ્થા તથા લાયનિઝમ અંગેની વિસ્તૃત સમજ આપી, વિશેષ અતિથિ DC IT & HQ લા. ફેની શાહે ક્લબની આઈ.ટી. પૉલીસી અંગે ચર્ચા કરી પ્રેક્ટિકલ સમજ આપી. DC Administration લા. મમતા રાવલે નવા સભ્યોનું ઈન્ડક્શન કરી ગુલાબથી સ્વાગત કર્યું.

**૯ ઓગ. :** પીટીસી કોલેજ, લોદરામાં બ્લડ પ્રેશર ચેકઅપ કેમ્પ યોજાયો. જેમાં લગભગ ૩૦૦ દર્દીઓનું બીપી સ્ક્રીનિંગ કરી આરોગ્ય માર્ગદર્શન આપ્યું.

**૯ ઓગ. :** પીટીસી કોલેજ, લોદરામાં ડાયાબિટીસ સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો. જેમાં ૩૦૦ લોકોને મફત સ્ક્રીનિંગ અને આરોગ્ય માર્ગદર્શન મળ્યું.

**૯ ઓગ. :** પીટીસી કોલેજ, લોદરામાં વિઝન સ્ક્રીનિંગ કેમ્પ યોજાયો. જેમાં લગભગ ૩૦૦ લોકોએ લાભ લીધો. ૧૧ દર્દીઓને કેટરેક્ટ સર્જરી માટે અને ૧૮૦ લોકોને ચશ્મા આપવામાં આવ્યા.

**૧૪ ઓગ. :** ઝોન એડવાયઝરી મીટિંગ ફુરાટ બેન્કવેટ, કુડાસણમાં યોજાઈ. જેમાં પ્રેસિડેન્ટ જાગૃતિ વ્યાસ, સેક્રેટરી સંજુ ગુપ્તા, ટ્રેઝરર બીના ચોક્સી તથા પ્રથમ ઉપપ્રમુખ ભૂમિ જોગાણી સાથે ક્લબના ડિસ્ટ્રક્ટ ઓફિસર મમતાબેન રાવલ તથા અર્ચના દવે ઉપસ્થિત રહ્યાં.

**૧૫ ઓગ. :** રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ, આલમપુર ખાતે સ્વતંત્રતા દિવસની ઉજવણી અર્થે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો. જેમાં પ્રમુખ, સેક્રેટરી, પ્રથમ ઉપપ્રમુખ, ડીસી અને સભ્યોએ ભાગ લીધો.

**૧૫ ઓગ. :** ગુપ્તા સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીઝ ખાતે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના સેક્રેટરીના સહયોગથી તિરંગા યાત્રા અને ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો. જેમાં સભ્યોએ ભાગ લીધો.

**૧૬ ઓગ. :** હેપ્પી ક્લબના સહયોગથી ભારત માતા મંદિર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. જેમાં ૫૦ બોટલ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું.

**૧૭ ઓગ. :** ગવર્નરશ્રી એલ. કે. વાઘેલા સાહેબની ઉપસ્થિતિમાં LCIF ના સહયોગથી વરસાદમાં અસરગ્રસ્ત થયેલ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કર્મચારીઓની કોલોનીમાં ૫૦ જેટલી રેશનકીટનું વિતરણ કરવામાં આવ્યું.

**૧૮ ઓગ. :** પ્રેસિડેન્ટ જાગૃતિ વ્યાસના જન્મદિવસની ઉજવણી રાધે સ્વિટ્સ, સ્વાગત ટ્વિન સીટી, સરગાસણ ખાતે હર્ષોલ્લાસથી કરવામાં આવી.

**૧૯-૨૧ ઓગ. :** ક્લબના સભ્યોએ વર્ષાઋતુના આહ્લાદક વાતાવરણમાં સાપુતારા ગિરિમથકનો ત્રિદિવસીય પ્રવાસ કરી ફેલોશિપની ભાવનાને મજબૂત કરી.

**૨૩ ઓગ. :** ડિસ્ટ્રિક્ટ દ્વારા ફર્ન રેસીડેન્સી, સુભાષબ્રિજ ખાતે યોજાયેલ ગેટ કોન્ક્લેવમાં ક્લબ પ્રમુખ, સેક્રેટરી, ટ્રેઝરર, ફર્સ્ટ વી.પી., માર્કેટિંગ ચેરપર્સન અને ડિસ્ટ્રીક્ટ ઓફિસરે ભાગ લીધો.

**૨૫ ઓગ. :** ક્લબના સભ્યોએ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા ગાંધીનગર ખાતે ૬૦થી વધુ પેરાઓલિમ્પિક એથલેટ્સ સાથે રક્ષાબંધનની ઉજવણી હર્ષોલ્લાસ સાથે કરી.

**૨૭ ઓગ. :** ક્લબના સભ્યોએ સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે કેદીઓ સાથે  રક્ષાબંધનની અનોખી ઉજવણી કરી, જેમાં ભાવસભર દ્રશ્યો સર્જાયા.

**૨૯ ઓગ. :** ગવર્નરશ્રીના કિડ્સ આઈ ચેકઅપ કેમ્પ કાર્યક્રમ અંતર્ગત સેક્ટર-૬ અને સેક્ટર-૨ ની સરકારી પ્રાથમિક શાળાના ૫૦૦ જેટલા બાળકોની આંખની તપાસ કરી જરૂરિયાતમંદને મફત ચશ્મા આપવામાં આવ્યાં.

**૩૦ ઓગ. :** ડિસ્ટ્રીક્ટ PP ફોરમ મીટિંગમાં ક્લબના પ્રેસિડેન્ટ અને પાસ્ટ પ્રેસિડેન્ટ્સે હાજર રહી ક્લબનું પ્રતિનિધિત્વ કર્યું.

**૩૧ ઓગ. :** ગવર્નરશ્રીના લક્ષ્ય આરોગ્યમ્ કાર્યક્રમ હેઠળ સેક્ટર-૨૧ ખાતે સેકન્ડ વીપી મિતલ રાણાના સહયોગથી કાયમી યોગા ક્લાસનું ઉદ્દઘાટન ડીસી લક્ષ્ય આરોગ્યમ્ લાયન નિમેષ રાવલના હસ્તે કરવામાં આવ્યું.

## ખજાનચીની ખાસ વાત

લા. બીના ચોક્સી



મારી વ્હાલી ફેમિના બહેનો,

જય સ્વામિનારાયણ, ક્લબના મેમ્બર્સના સાથ-સહકારથી સેવાના કામ બીજા મહિનામાં ખુબ સારી રીતે થયા. ઓગષ્ટ મહિનામાં જે મેમ્બર્સના જન્મ દિવસ, મેડિકલ કેમ્પ, રક્તદાન કેમ્પ, લાયન્સ ક્વેસ્ટ, રાશન કીટ, ફૂડ ફોર હંગર જેવા સેવાકીય કાર્યોમાં તન, મન, ધનથી સેવા આપી તે બદ સર્વે મેમ્બર્સનો ખુબ ખુબ આભાર.

## દાનની સરવાણી...

### બર્થડે - એનવર્સરી નિમિત્તે

| | | | |
|---|---|---|---|
| રામ ભરોસે | ૧૦,૦૦૦ | લા. ભગવતી પટેલ | ૨૧૦૦ |
| લા. દિના ભટ્ટ | ૧૧૦૦ | લા. આરતી ભટ્ટ | ૧૧૦૦ |
| લા. શિલ્પા વાણીયા | ૧૧૦૦ | લા. તેજલ દાણી | ૨૦૦૦ |
| લા. રશ્મિતા પટેલ | ૫૦૦૦ | લા. પલ્લવી ગુપ્તે | ૧૦૦૦ |

# ઓગષ્ટ માસના કાર્યક્રમોની ઝલક



ફ્રેન્ડશીપ ડે સેલિબ્રેશન



૨૭ જુલાઈ થી ૧ ઓગષ્ટ સુધી વૃક્ષારોપણનો કાર્યક્રમ - થલતેજ



રેડીયન્ટ સ્કૂલ, સરગાસણ ખાતે આઈ ચેકઅપ કેમ્પ



રેડીયન્ટ સ્કૂલ, સરગાસણ ખાતે મેડિકલ કેમ્પ



રેડીયન્ટ સ્કૂલ, સરગાસણ ખાતે બ્લડ ડોનેશન કાર્યક્રમ

# ઓગષ્ટ માસના કાર્યક્રમોની ઝલક




અર્બેનિયા બેન્કવેટ ખાતે ઓરિએન્ટેશન એન્ડ સી.ક્યુ.આઈ. સેમિનાર



લોદરા ખાતે આઈ. ચેકઅપ અને મેડિકલ કેમ્પ



ફુરાટ બેન્કવેટ, કુડાસણ ખાતે ફર્સ્ટ ઝોન એડવાઈઝરી મિટીંગ




રંગોલી ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે ધ્વજવંદન કાર્યક્રમ અને ગુપ્તા સ્પોર્ટસમાં તિરંગા યાત્રાનું આયોજન



ભારત માતા મંદિર, સેક્ટર-૭ ખાતે બ્લડ ડોનેશન અને વૃક્ષારોપણનો કાર્યક્રમ




જી.એમ.સી. કોલોની ખાતે રાશન કીટ વિતરણ

# ઓગષ્ટ માસના કાર્યક્રમોની ઝલક




ધ ફેર્ન રેસીડેન્સી અમદાવાદ ખાતે ગેટ કોન્કલેવ કાર્યક્રમ



શ્રમજીવી વિસ્તાર ખાતે ખિચડી વિતરણ











૧૯ થી ૨૧ ઓગષ્ટ : સાપુતારા પિકનીક





સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના રમતવીરો સાથે રક્ષાબંધનની ઉજવણી





સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે કેદી ભાઈઓ સાથે રક્ષાબંધનની ઉજવણી

# ઓગષ્ટ માસના કાર્યક્રમોની ઝલક






બિનોરી ખાતે પીપી ફોરમ - ફર્સ્ટ મિટીંગ






કિડ્સ આઈ ચેકઅપ કેમ્પ : સેક્ટર-૨ અને સેક્ટર-૬





લક્ષ્ય આરોગ્યમ્ કાર્યક્રમ અંતર્ગત સેક્ટર-૨૧ ખાતે યોગા ક્લાસનો પરમેનન્ટ પ્રોજેક્ટ

# દુન્યવી શોરથી આંતરીક મૌનની યાત્રા "વિપશ્યના"

**મેમ્બર્સ કોર્નર**

**લા. નેહલ ગઢવી**

વિપશ્યનામાં જતાં પહેલાં મનમાં અનેક પ્રશ્નો, મુંઝવણ અને ચિંતા થવી સ્વાભાવિક છે. પણ મન મક્કમ રાખીએ તો થઈ જ શકે છે. વિપશ્યના સાધના એ આપણા દેશની એક એવી ધરોહર છે કે કોઈ જાતના કર્મકાંડ, રીતરિવાજ કે પરંપરાગત રૂઢિવાદી વલણથી તદ્દન વિપરીત નિતાંત સત્યના અનુભવી શકાય એવા તથ્યો પર આધારિત છે. મનમાં અનેક આશંકાઓ છતાં જો મન મક્કમ કરીને વિપશ્યના સાધનાનો સમય ફાળવી શકાય તો એ સમય કેવો શાંતિદાયક અને દિવ્ય આનંદ આપનાર બની રહેશે એની તમને કલ્પના પણ નહિ કરી હોય ! અનેક શારીરિક અને માનસિક અડચણો વચ્ચે પણ વિપશ્યના સાધનાના ૧૦ દિવસ પૂરા થઈ શકે એ માટે બાડા કચ્છમાં આવેલા ધમ્મ સિંધુનું આહ્લાદક વાતાવરણ, કુદરતનો ખોળો અને ધમ્મસેવિકાઓનો મમતાભર્યો વ્યવહાર. આ તમામ તમારી મદદે ધસી આવશે. વિપશ્યના સાધના શું છે તે જાણવા એ આકરા તાપમાંથી પસાર થવું જ પડે પણ એ સિવાય પણ જાત સાથે અન્ય કોઈ જ અવલંબન વિના રહેવું એ પણ એક અમૂલ્ય તક જ હોય છે. જે જેવું છે એને એમ જ એના મૂળ સ્વરૂપમાં સમતાભર્યા મન સાથે જોવાની અને સમજવાની કોઈપણ વ્યક્તિ માટે આ એક સરસ પહેલ બની રહેશે એમ હું ચોક્કસપણે માનું છું.

મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં પાંચ મિનિટ માટે પણ એક જગ્યાએ સ્થિર રહેવું એ લગભગ અશક્ય બની રહ્યું છે. ત્યારે દિવસના ૭–૮–૯ કલાક માત્ર અને માત્ર ધ્યાનમાં બેસવું એ કેટલું મુશ્કેલ હશે, એ તો કરીએ ત્યારે જ સમજાય !! વિપાસના એટલે એક એવી સાધના કે જેમાં ૧૦ દિવસ એક આકરું તપ કરવાનું હોય છે. ૧૦ દિવસનું મૌન અઘરું લાગશે તથા જમીન પર આટલા બધા કલાક સળંગ બેસવું પણ મુશ્કેલ લાગે જ એ સહજ બાબત છે. અરે દસ દિવસ સુધી દરરોજ એક જ રીતે કરવાનું એ પણ એકદમ નવું અને માત્ર પોતાની જાત સાથે જ રહેવાનો પણ આ પહેલોવહેલો જ અનુભવ ને ! ન મોબાઈલ, ન પુસ્તક, ન કંઈક લખવાનું કે ચિત્ર દોરવાનું કે ના કોઈ ગીત ગણગણવાનું ! આસપાસ ફરતા અન્ય સાધકોના ચહેરા વાંચવાની પણ મનાઈ ! વધુમાં વધુ સંવાદ સાધવો જ હોય તો આસપાસ ખીલેલા પુષ્પો, આ કેન્દ્ર દરિયા કિનારે આવેલું હોવાથી સુસવાટા મારતા પવનની ગતિના તાલ સાથે તુકબંધી, જોરજોરથી ટહુકા કરી રહેલા મોર અને ઢેલ જાણે આપણને વાતો કરવા પ્રેરે એવો પણ અહેસાસ થાય, પણ આ બધું જ કાળક્રમે ઓછું થતું જાય અને છેલ્લે રહી જઈએ આપણે અને આપણો અંતરાત્મા ! અંદરની ગંદકી અને વિકારો જોઈને દુ:ખ અને પીડા થાય, પણ વિપશ્યનામાં બધું જ સમતભાવે જોવાનું હોય છે માટે એ જેમ છે એમ એને સ્વીકારીને એમાં ધીરે ધીરે થઈ શકે એમ બધું સુવ્યવસ્થિત કરવાનો પ્રયાસ કરવાની દિશામાં પહેલું ડગ માંડ્યું એમ લાગે છે.

બહારથી સુંદર સ્વસ્થ શરીર દેખાય તેમ છતાં અંદરથી અનેક પ્રકારના વિકારોથી પીડાતું આપણું મન કઈ રીતે આ બધાથી મુક્ત થાય એ માટે આપણે સજ્જ બનીએ છીએ. હું તો ઘણી સારી છું, પણ સામેવાળાએ મારી સાથે અમુક પ્રકારનું વર્તન કર્યું એટલે હું આવું વર્તી એ કેટલો મોટો ભ્રમ છે એ જાણ્યું. વિપશ્યનાના શરૂઆતના દિવસોમાં ભરાઈ પડ્યાનો અહેસાસ, બેચેની આ બધું જ થાય. પણ ધીરે ધીરે જાતનો સામનો કરવાનો પ્રયત્ન કરતા જઈએ અને ક્યાં શું તકલીફ છે એની જાણ તો થઈ એવો એક સંતોષ થાય ! પહેલા આસપાસ જેનાથી તકલીફ છે એને અને પછી ધીરે ધીરે પોતાની જાતને પણ માફ કરીને એક અલગ જ પ્રકારની શાંતિનો અહેસાસ થાય છે. અનંત શીતળતા પામવા અને નિતાંત આનંદ મેળવવા માટે શું કરવું એ માર્ગ આપોઆપ ખુલી જશે. આ સાધનાની શરૂઆતમાં જ કહેવામાં આવે છે કે આ એક આકરું તપ છે અને જ્યારે આકરું તપ કરીને તમે બહાર આવો ત્યારે કેવો દિવ્ય અને અલૌકિક અહેસાસ લઈને બહાર આવો છો એ તો જે અનુભવે એ જ જાણે ! એક વધુ સારા માનવ બની શકો અને તમારી શુદ્ધ ધર્મ અંગેની સમજ વધુ સુદઢ બને તો જ તમે સાચી વિપશ્યના કરી ગણાય ! મારી આસપાસ રહેલા તમામ લોકો વિપસ્યના સાધા માટે ૧૦ દિવસ ફાળવી શકે અને એ રીતે એમનો પુણ્યોદય થાય અને પોતે જાતે જ આ બધું અનુભવે એમ હું ઈચ્છું છું. આ દુનિયામાં વધુમાં વધુ લોકો દુ:ખ અને પીડામાંથી મુક્તિ મેળવે અને સાચા સુખને પ્રાપ્ત કરે અને એ રીતે આ સમગ્ર વિશ્વ એક વધુ સંવેદનશીલ સ્થળ બને એ દિશામાં સૌ કોઈ એક ડગલું તો માંડે એ જ મારી શુદ્ધ ભાવના છે.

# સપ્ટેમ્બર ૨૦૨૬નો સેવાયજ્ઞ

| તારીખ | વિગત | સ્થળ | સહયોગ |
|---|---|---|---|
| ૬ સપ્ટેમ્બર | વિઝન બીપી અને ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ | ક્લાબા સત્સંગ હોલ, અંબોડ તા. માણસા, મહુડી રોડ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૮ સપ્ટેમ્બર | ઓર્થોપેડિક અને ફિઝીયોથેરાપી કેમ્પ | ઓર્થોપેડિક અને ફિઝીયોથેરાપી સેન્ટર, પ્રમુખ પર્લ, સરગાસણ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૯ સપ્ટેમ્બર | સેનેટરી નેપકીન વિતરણ | આદર્શ નિવાસી શાળા, સેક્ટર-૮ | યૌવના ગ્રુપ (પલ્લવીબેન ગુપ્તે)<br>લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૧૦ સપ્ટેમ્બર | ત્રીજી બોર્ડ એન્ડ જનરલ મિટીંગ | રાજવી ફૂડ કોર્ટ, પ્રતીક મોલ | ફર્સ્ટ વી.પી. ભૂમિ જોગાણી<br>સેકન્ડ વી.પી. મિતલ રાણા અને<br>થર્ડ વી.પી. કાનન પટેલ |
| ૧૨ સપ્ટેમ્બર | કીડ્સ આઈ ચેકઅપ કેમ્પ | ગવર્મેન્ટ ઇંગ્લીશ મિડીયમ સ્કુલ, સેક્ટર-૨૯ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૨૭ સપ્ટેમ્બર | "રાસ રંગ" ફેમિના ગરબા ઉત્સવ | ટાઉનહોલ, સેક્ટર-૧૭ | લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના |
| ૨૯ સપ્ટેમ્બર | બ્લાઈન્ડ સ્કૂલના બાળકોને ભોજન | અંધશાળા, સેક્ટર-૧૬ | લા. શ્વેતા પટેલ |
| ૩૦ સપ્ટેમ્બર | શ્રાદ્ધ નિમિત્તે બાળકોને સવારનું ભોજન | બહેરા-મૂંગા શાળા, સેક્ટર-૨૮ | લા. પાયલબેન પુરોહિત |

## Happy Birthday

| | |
|---|---|
| ૦૧ સપ્ટે. | લા. મીના ખંડેલવાલ |
| ૦૨ સપ્ટે. | લા. સોનલ વાઘેલા |
| ૦૪ સપ્ટે. | લા. દિપાલી લાધાવાલા |
| ૦૫ સપ્ટે. | લા. આશાબેન રાવલ |
| ૦૫ સપ્ટે. | લા. કવિતા બક્ષી |
| ૦૯ સપ્ટે. | લા. પ્રિતી ગડકરી |
| ૧૦ સપ્ટે. | લા. નિષ્ઠા જોશી |
| ૧૧ સપ્ટે. | લા. દેવસ્મિતા જોશી |
| ૧૨ સપ્ટે. | લા. રીટા પટેલ |
| ૧૪ સપ્ટે. | લા. મિતલ રાણા |
| ૧૭ સપ્ટે. | લા. અવની રાણા |
| ૧૮ સપ્ટે. | લા. પલ્લવી ગુપ્તે |
| ૧૯ સપ્ટે. | લા. ઉર્મિલા પટેલ |
| ૧૯ સપ્ટે. | લા. પ્રિતી કુલકર્ણી |
| ૨૪ સપ્ટે. | લા. ચારુ ટાંક |
| ૨૫ સપ્ટે. | લા. ચંદા યાદવ |
| ૨૫ સપ્ટે. | લા. દર્શના વ્યાસ |
| ૨૭ સપ્ટે. | લા. સાધના વોરા |

## Happy Anniversary

| | |
|---|---|
| ૧૯ સપ્ટે. | લા. વંદના રાવ |




પ્રેસિડેન્ટ લા. જાગૃતિ વ્યાસના જન્મ દિવસની ઉજવણી

## પરિવારની વાત...

- લા. ગ્રિષ્મા ત્રિવેદી કેનેડાના પ્રવાસે ગયા છે તેમને શુભેચ્છા.
- જ્યોતિ મહિલા મંડળ દ્વારા આયોજિત પ્રભાતિયા અને હાલરડા સ્પર્ધામાં પ્રમુખ જાગૃતિ વ્યાસ અને વિણાબેન અતિથી વિશેષ તરીકે અને આરતી ભટ્ટ તથા પરમજિત કોર છાબડા જજ તરીકે આમંત્રિત કરવામાં આવ્યાં. અભિનંદન.
- હેતલ ભટ્ટી, નિલીમા શાહ તથા નિષ્ઠા જોશીએ હાલરડા સ્પર્ધામાં વિજેતા થયા છે. ખૂબ ખૂબ અભિનંદન.
- હેતલ ભટ્ટી એ ગરબા ક્લબનું ઉદ્ઘાટન કર્યું છે. તેમને શુભેચ્છા.
- ગ્રિષ્મા ત્રિવેદી કેનેડા ગયેલ છે. તેમને શુભેચ્છા.
- પુનિતા પટેલ યુ.એસ.એ. ગયેલ છે તેમને શુભેચ્છા.
- હિરલબેન ઠાકરને અલભ્ય ૧૬૩ કૃષ્ણ વડ વાવીને ઉછેરવા માટે ફેમિના એચિવર એવોર્ડથી સન્માનિત આવ્યા. ખૂબ ખૂબ અભિનંદન.
- પીપી લા. ડિમ્પલ દેસાઈ પેરીસના પ્રવાસે જઈ રહ્યાં છે. હેપ્પી એન્ડ સેફ જર્ની.
- પીપી લા. ડિમ્પલ દેસાઈ અને લા. ઉર્મિલા પટેલને નવી કાર માટે ખુબ ખુબ અભિનંદન.


UNLESH YOUR POTENTIAL

**Our District Website**

https://lionsdistrict3232b3.org

Download & Install
The District 3232-B3
Mobile Application From The Following Link

Google Play Store Link :
https://play.google.com/store/apps/details?id=com.eryushion.lionsdistrict3232b3

Apple App Store Link :
https://apps.apple.com/us/app/district-3232b3/id1525068403

Scan to follow us :